ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Research e-Journal

# રાજકોટ જિલ્લાની આદર્શ નિવાસી શાળાના વિદ્યાર્થીઓની સમસ્યાનો અભ્યાસ

**પ્રા. નિલેશભાઈ આર. પટેલ**
M.A., B.Ed., M.Ed., Phil
**એસ.જે. ઠક્કર બી.એડ્. કોલેજ, રાજકોટ**

## ABSTRACT

પ્રસ્તુત અભ્યાસનો ઉદ્દેશ્ય રાજકોટ જિલ્લાની આદર્શ નિવાસી શાળાના વિદ્યાર્થીઓની સમસ્યાનો અભ્યાસ કરવાનો હતો. આમ અભ્યાસના હેતુઓની રચના કરવામાં આવી હતી. જેમાં આદર્શ નિવાસી શાળાના વિદ્યાર્થીઓને કઈ કઈ શૈક્ષણિક સમસ્યાઓ હશે અને આદર્શ નિવાસી શાળાના વિદ્યાર્થીઓને અપાતી શૈક્ષણિક સુવિધાઓનો અભ્યાસ કરવો એ હેતુ હતો. હેતુને ધ્યાનમાં રાખી પ્રશ્નોની રચના કરવામાં આવી હતી. વ્યાપ વિશ્વ તરીકે સન્. ૨૦૧૫–૧૬ ના શૈક્ષણિક વર્ષ દરમિયાન રાજકોટ જિલ્લાની આદર્શ નિવાસી શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ હતા. તેમજ નમૂનાની પસંદગી સહેતુક કરી હતી અને ધોરણ ૮, ૯ અને ૧૦ ના આદર્શ નિવાસી શાળાના ૩૧૦ વિદ્યાર્થીઓનો નમૂનામાં સમાવેશ કરેલ હતો. પ્રસ્તુત અભ્યાસમાં ઉપકરણ તરીકે પ્રશ્નાવલિની રચના કરી હતી. તથા મળેલ માહિતીનો ગુણાત્મક પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. જેમાં તારણો આ મુજબ હતા.

(૧) શાળામાં વિદ્યાર્થીઓને બેસવા માટે યોગ્ય વ્યવસ્થા છે.

(૨) શાળાના જે તે વર્ગમાં વિષયોને લગતા ચિત્રો અને ટી.એલ.એમ. નો અભાવ જોવા મળે છે.

(૩) શાળામાં વિદ્યાર્થીઓ માટે ગ્રંથાલયની સુવિધા છે.

(૪) શાળામાં ઓ.એચ.પી. ની સુવિધા ઉપલબ્ધ નથી.

(૫) શાળામાં દરેક વર્ગમાં વિદ્યાર્થીઓની સંખ્યા પ્રમાણમાં વધારે છે.

VIDHYAYANA

# રાજકોટ જિલ્લાની આદર્શ નિવાસી શાળાના વિદ્યાર્થીઓની સમસ્યાનો અભ્યાસ

## પ્રસ્તાવિક

આજે જયારે શિક્ષણ મોંઘુ થવા લાગ્યુ છે ત્યારે સરકાર ગરીબ, પછાતવર્ગ માટે ગુરૂકુળ જેવી વ્યવસ્થા ઉભી કરવા લાગી છે. જેને અત્યારે છાત્રાલય તરીકે ઓળખવામાં આવે છે. આ છાત્રાલયોમાં સરકાર વિદ્યાર્થીને બધા જ પ્રકારની, રહેવાની તેમજ ભણવાની સુવિધા પુરી પાડે છે. આમ છતાં તેમાં કંઈક ખોટ કે ખામી જોવા મળે છે. માટે પ્રયોજકે આ ભુલો શોધવા તેમજ તેના અભ્યાસ કરવા માટે આ સંશોધન હાથ ધર્યું હતું.

ગ્રામ્ય અને પછાત વિસ્તારના બાળકો દૂર જવાના બદલે ઘર આંગણે રહી શિક્ષણ મેળવી શકે તે આશયથી વર્ષ ૧૯૮૬–૮૭ થી આ યોજનાનો પ્રારંભ માત્ર છ આદર્શ નિવાસી શાળાઓથી કરવામાં આવ્યો હતો. આ આદર્શ નિવાસી શાળાઓ પોતાના કાર્યમાં કેટલા અંશે સફળ રહી છે તે બાબતોનો અભ્યાસ કર્યા પછી જ સારી રીતે જાણી શકાય.

## ૧.૦ હેતુઓ

પ્રસ્તુત અભ્યાસનો હેતુ આ મુજબ હતો.

આદર્શ નિવાસી શાળાના વિદ્યાર્થીઓને અપાતી શૈક્ષણિક સુવિધાઓનો અભ્યાસ કરવો.

## ૨.૦ અભ્યાસનો પ્રશ્ન

આદર્શ નિવાસી શાળાના વિદ્યાર્થીઓને કઈ કઈ શૈક્ષણિક સમસ્યાઓ હશે ?

## ૩.૦ વ્યાપવિશ્વ અને નમૂનો

પ્રસ્તુત અભ્યાસ રાજકોટ જિલ્લાની આદર્શ નિવાસી શાળાના વિદ્યાર્થીઓનો હતો. જેથી આ અભ્યાસના વ્યાપવિશ્વમાં સન્ ૨૦૧૫–૧૬ ના શૈક્ષણિક વર્ષ દરમિયાન રાજકોટ જિલ્લાના આદર્શ નિવાસી શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ હતા.

## ૪.૦ નમૂનો

પ્રસ્તુત સંશોધનકાર્ય માટે સંશોધકે સહેતુક નમૂના પસંદગી પધ્ધતિથી નમૂનાની પસંદગી કરી હતી. જેમાં રાજકોટ જિલ્લાની આદર્શ નિવાસી શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો જ સમાવેશ કરેલ. જેમાં ધો. ૮, ૯ અને ૧૦ ના આદર્શ નિવાસી શાળાના ૩૧૦ વિદ્યાર્થીઓનો નમૂનમાં સમાવેશ કરેલ.

## ૫.૦ ઉપકરણ

પ્રસ્તુત અભ્યાસ અંતર્ગત સંશોધકે માહિતી એકત્રીકરણ માટે ઉપકરણ તરીકે પ્રશ્નાવલીની રચના કરી હતી. ત્યારબાદ તેના ઉપકરણ તરીકે અહીં ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેમાં કુલ પાંચ પ્રશ્નોનો સમાવેશ થતો હતો.

## ૬.૦ સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકનો હેતુ વિદ્યાર્થીને છાત્રાલયના સંદર્ભમાં પડતી શૈક્ષણિક સુવિધાઓ સંબંધી સમસ્યાઓ જાણવાનો હતો. તેથી પ્રયોજકે વર્ણનાત્મક સંશોધન પદ્ધતિઓ પૈકીની સર્વેક્ષણ સંશોધન પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો.

## ૭.૦ માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન

પ્રસ્તુત અભ્યાસમાં આદર્શ નિવાસી શાળાના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સુવિધાઓ સંબંધી સમસ્યાઓના સંદર્ભમાં પ્રશ્નોને અનુરૂપ મળેલા ઉત્તરોને સારણીમાં રજૂ કરી આ પ્રશ્નોનના 'હા' અને 'ના' માં મેળવેલા જવાબોને ટકાવારીમાં રજૂ કરવામાં આવ્યા

હતા. આમ ગુણાત્મક પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. જે સારણી ૧ માં રજૂ કરેલ છે.

**સારણી –૧**

**શૈક્ષણિક સમસ્યાઓ સંબંધી પ્રશ્નો પ્રત્યે વિદ્યાર્થીઓના પ્રતિચારોનું પૃથક્કરણ**

| ક્રમ | પ્રશ્ન | 'હા' માં જવાબ આપનારની સંખ્યા | 'ના' માં જવાબ આપનારની સંખ્યા | બન્ને ટકાવારીમાં | |
|---|---|---|---|---|---|
| | | | | હા | ના |
| ૧ | શાળામાં બેસવા માટેની યોગ્ય વ્યવસ્થા છે ? | ૨૮૮ | ૨૨ | ૯૨.૯૦% | ૦૭.૧૦% |
| ૨ | શાળાના વર્ગમાં જે તે વિષયોને લગતા ચિત્રો, ટી.એલ.એમ. છે ? | ૧૦૨ | ૬૩ | ૭૯.૬૮% | ૨૦.૩૨% |
| ૩ | શાળામાં વાંચવા માટે ગ્રંથાલયની સુવિધા છે ? | ૪૭ | ૨૪૩ | ૦૮.૭૧% | ૯૧.૨૯% |
| ૪ | શાળામાં ઓ.એચ.પી. ની સુવિધા ઉપલબ્ધ છે ? | ૧૧૮ | ૧૯૨ | ૩૮.૦૬% | ૬૧.૯૪% |
| ૫ | તમારા વર્ગમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધું છે ? | | | | |

સારણી–૧ પરથી કહી શકાય કે,

(૧) શાળામાં બેસવા માટેની યોગ્ય વ્યવસ્થા છે ? આ પ્રશ્નના પ્રતિચારમાં 'હા' માં જવાબ આપનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૯.૨૯૦% છે. જયારે 'ના' માં પ્રતિચાર આપનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૦૭.૧૦% છે. તેથી કહી શકાય કે વિદ્યાર્થીઓને શાળામાં બેસવા માટેની યોગ્ય વ્યવસ્થા છે.

(૨) શાળાના વર્ગમાં જે તે વિષયોને લગતા ચિત્રો, ટી.એલ.એમ. છે ? આ પ્રશ્નના પ્રતિચારમાં 'હા' માં જવાબ આપનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૩૨.૯૦% છે. જયારે 'ના' માં જવાબ આપનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૬૭.૧૦% છે. જેના આધાર પરથી કહી

શકાય કે શાળાના વર્ગમાં જેને વિષયોને લગતા ચિત્રો, ટી.એલ.એમ. ઉપલબ્ધ નથી.

(૩) શાળામાં વાંચવા માટે ગ્રંથાલયની સુવિધા છે ? આ પ્રશ્નના પ્રતિચારમાં 'હા' માં જવાબ આપનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૭૯.૬૮% છે. જયારે 'ના' માં પ્રતિચાર આપનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૨૦.૩૨% છે. જેના આધારે કહી શકાય કે શાળામાં વાંચવા માટે ગ્રંથાલયની સુવિધા છે.

(૪) શાળામાં ઓ.એચ.પી. ની સુવિધા ઉપલબ્ધ છે ? આ પ્રશ્નના પ્રતિચારમાં 'હા' માં જવાબ આપનાર વિદ્યાર્થીની સંખ્યા ૦૮.૭૧% છે. જયારે 'ના' માં જવાબ આપનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૯૧.૨૯% છે. જેના આધારે કહી શકાય કે શાળામાં ઓ.એચ.પી. ની સુવિધા ઉપલબ્ધ નથી.

(૫) તમારા વર્ગમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધુ છે ? આ પ્રશ્નના પ્રતિચારમાં 'હા' માં જવાબ આપનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૩૮.૦૬% છે જયારે 'ના' માં પ્રતિચચર આપનાર વિદ્યાર્થીઓ સંખ્યા ૬૧.૯૪% છે. જેના પરથી કહી શકાય કે આદર્શ નિવાસી શાળાના વર્ગખંડોમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધુ છે.

## ૮.૦ તારણો

VIDHYAYANA

પ્રસ્તુત સંશોધનના અંતે આ મુજબના તારણો પ્રાપ્ત થયા હતા.

૧. શાળામાં વિદ્યાર્થીઓને બેસવા માટે યોગ્ય વ્યવસ્થા છે.

૨. શાળાના જે તે વર્ગમાં વિષયોને લગતા ચિત્રો અને ટી.એલ.એમ. નો અભાવ જોવા મળે છે.

૩. શાળામાં વિદ્યાર્થીઓ માટે ગ્રંથાલયની સુવિધા છે.

૪. શાળામાં ઓ.એચ.પી. ની સુવિધા ઉપલબ્ધ નથી.

૫. શાળામાં દરેક વર્ગમાં વિદ્યાર્થીઓની સંખ્યા પ્રમાણમાં વધારે છે.

## સંદર્ભ સૂચિ

શાહ, દિપલ બી. (૨૦૦૪). શૈક્ષણિક સંશોધન, અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજય.

જાદવ, દશરથ . (૨૦૧૦). સુરેન્દ્રનગર જિલ્લાની આદર્શ નિવાસી શાળાના વિદ્યાર્થીઓની સમસ્યાઓનો અભ્યાસ. એમ.એડ્. અપ્રકાશિત લઘુશોધ નિબંધ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.